# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-09-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **અંકિતા મકવાણા** વાંચે છે.

---

**(સમાચારને અંતે)**

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**-----------------------------------------------------------------**

**આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)**

**(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)**

**(CLOSING MUSIC)**

# GNR CABINET MEETING

ગાંધીનગરમાં આજે બપોરે રાજ્ય મંત્રીમંડળની બેઠક યોજાશે. અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે , મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાનારી આ બેઠકમાં રાજ્યમાં વરસાદ ખેંચાતા ઉદ્ભવેલી સ્થિતિ અને રાજ્યમાં પીવાના પાણી , સિંચાઈ અને પશુઓના ઘાસચારા અંગે સમીક્ષા થઈ શકે છે. જ્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આગામી કાર્યક્રમ અને તેમના જન્માદિવસે યોજાનારા કાર્યક્રમ , ઓછા વરસાદવાળા વિસ્તારોને અછતગ્રસ્ત જાહેર કરવા , વિધાનસભા સત્રમાં રજૂ થનારા ખરડા અને કામકાજ તથા સરકારના આગામી આયોજનો અને નીતિગત વિષય અંગે ચર્ચા થવાની સંભાવના છે.

# BJP KARYASHALA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સુશાસનના 25 વર્ષ અંગે ગાંધીનગર ખાતે આજે પ્રદેશ ભાજપની કાર્યશાળા યોજાઈ. જેમાં 17 સપ્ટેમ્બરથી 17 ઓક્ટોબર સુધી સેવા કાર્યક્રમ યોજવાની જાહેરાત કરાઇ. આ અંગે વધુ માહિતી આપતા પ્રદેશ મહામંત્રી અજય બ્રહ્મભટ્ટે જણાવ્યું કે એક મહિના સુધી આ વિશેષ કાર્યક્રમો યોજાશે જેમાં જન કલ્યાણની યોજનાઓ નાગરિકો સુધી પહોંચાડવામાં આવશે.

**(BYTE: AJAY BRAHMABHATT – PRADESH MAHAMANTRI)**

*(17 સપ્ટેમ્બરે સૌથી પહેલો કાર્યક્રમ આશા કા દિયા. જેમાં સેવાના 25 વર્ષ અને 2047ની વિકસિત ભારતની સંકલ્પના માટે નરેન્દ્રભાઈ મોદીજીને આશીર્વાદ આપતો ઘરે ઘરે દીવડાનો કાર્યક્રમ અને બધા મુખ્ય મથકો પર લોકો મોટી સંખ્યામાં જોડાઈ અને નરેન્દ્રભાઈના દીર્ઘાયુ માટે આ 2047માં દેશને વિકસિત કરવાનો જે એમનું એ સપનું છે એને સાકાર કરવા માટે પ્રાર્થના કરશે.)*

# NHRC HEARINGS

ગાંધીનગરમાં આજે અને આવતીકાલે રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ એટલે કે NHRCની મહત્વપૂર્ણ કેમ્પ સિટિંગ અને જાહેર સુનાવણી યોજાઈ રહી છે. જેમાં રાજ્યના વિવિધ વિસ્તારોમાંથી સામે આવેલા માનવ અધિકાર સંબંધિત કેસોને સાંભળવામાં આવશે. માનવ અધિકાર સાથે જોડાયેલા કેસોની સુનાવણી દરમિયાન સંબંધિત ફરિયાદો, સરકારી તંત્રની કાર્યવાહી અને કેસની સ્થિતિ અંગે આયોગ દ્વારા વિગતો લેવામાં આવશે.

# GNR FOOD MEETING

આરોગ્ય મંત્રી પ્રફૂલ પાનશેરીયાએ રાજ્યમાં નકલી અન ગેરકાયદે દવાઓ સામે શૂન્ય સહિષ્ણુતાની નીતિનો પુનરોચ્ચાર કર્યો. ગાંધીનગરમાં સચિવાલય ખાતે ખોરાક અને ઔષધ નિયમન તંત્રની ઉચ્ચ સ્તરની સમીક્ષા બેઠક બાદ પત્રકારો સાથેની વાતચીતમાં શ્રી પાનશેરીયાએ કહ્યું , નાગરિકોના આરોગ્ય સાથે ચેડાં કરનારા લોકો સામે કડક કાર્યવાહી કરવા સૂચના અપાઈ છે. ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા હાથ ધરાયેલી તપાસ દરમિયાન ગંભીર ક્ષતિઓ જણાયેલી 50 દવા પેઢીઓને વેચાણ પરવાના રદ કરાયા હોવાનું પણ શ્રી પાનશેરીયાએ ઉમેર્યું.

**(BYTE: PRAFUL PANSHERIYA, HEALTH MINISTER)**

***(42,988 કિલો જે તેલ, ઘી અને મસાલા વગેરે 93 લાખ રૂપિયાનો જેને સીલ કરીને નષ્ટ કરવામાં આવ્યો છે. એ જ રીતે આ હજારો લોકોના જીવન સાથે ચેડાં કરે છે, રાજ્ય સરકારની અમારી ટીમ એક પણને બક્ષવા માગતી નથી અને આ તહેવારોમાં પણ અમારી ડ્રાઈવ સતત શરૂ રહેશે. આ ભેળસેળિયાઓને હંમેશના માટે પાઠ શીખવાડાશે. )***

# FOOD AND DRUGS

ખોરાક અને ઔષધ નિયમન તંત્રે વિવિધ સ્થળોએ દરોડા પાડી શંકાસ્પદ ખાદ્ય ચીજવસ્તુઓ જપ્ત કરી છે. પાટણમાં 14 હજાર 709 કિલો તેલ અને 6 હજાર 495 કિલો ખાદ્ય તેલ, સુરતના કામરેજમાં 5 હજાર 157 કિલો ઘી , જામનગરમાં 7 હજાર 138 કિલો દૂધ તેમજ બનાસકાંઠાના ડીસામાંથી 6 હજાર કિલો મરચાં પાઉડરનો જથ્થો જપ્ત કરાયો છે.

આ ઉપરાંત એક હજાર 625થી વધુ એકમોનું નિરીક્ષણ કરી 306 એકમોને સુધારણા નોટિસ પાઠવવામાં આવી. ગંભીર બેદરકારી બદલ 38 એકમો સામે પરવાના રદ્દ કરવાની કડક કાર્યવાહી પણ કરાઈ. નિરીક્ષણની કામગીરીમાં સુરત મનપા , વલસાડ, આણંદ , જામનગર અને મહેસાણામાં સઘન કાર્યવાહી હાથ ધરાઇ હતી. ડેરી એનાલોગના ગેરકાયદે વેચાણ અને ઉપયોગ સામે ત્રણ હજાર પેઢીઓની તપાસ કરી 145 શંકાસ્પદ નમૂના લેવાયા લઈ બે હજાર 553 કિલો બિન-ગુણવત્તાયુક્ત ડેરી એનાલોગ જથ્થો નાશ કરાયો.

# VADNAGAR DAMRU YATRA

વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયા મહેસાણાના વડનગરમાં શ્રાવણોત્સવ અંતર્ગત યોજાયેલી ડમરું યાત્રામાં જોડાયા. 108 કલાકારોના નાદથી ઐતિહાસિક નગરી ગૂંજી ઉઠી હતી. રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા નીલકંઠ મહાદેવ મંદિરથી શરૂ થયેલી આ યાત્રા હાટકેશ્વર મહાદેવ મંદિરે સંપન્ન થઈ. આ અંગે શ્રી મોઢવાડિયાએ પ્રતિક્રિયા આપી.

**(BYTE: ARJUN MODHWADIA, FOREST & ENVIRONMENT MINISTER)**

*(કે વડનગર આવનારા દિવસોમાં વૈશ્વિક નગર બનશે અને ગુજરાત ભારતનું નેતૃત્વ કરશે અને ભારત વિશ્વનું નેતૃત્વ કરશે. વિકસિત ભારત 2047 નો સંકલ્પ છે એ આપણે સૌ આપણા જે કર્મ છે એમાં લાગી જઈએ. આપણે ભારતને અને વિશ્વને મજબૂત બનાવીએ.)*